# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-12-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- રાજ્ય સરકારે ૧૭ નગરપાલિકાઓ, ૭ મહાનગરપાલિકાઓ અને 3 શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળોને વિવિધ વિકાસ કામો માટે એક હજાર કરોડ રૂપિયા મંજૂર કર્યા.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ધરમપુરના શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપી નવા મકાનનું ભૂમિપૂજન કર્યું.
- રાજ્યભરમાં 31 ડિસેમ્બરની ઉજવણી સંદર્ભે તકેદારીના ભાગરૂપે વાહન ચેકિંગ અને ચેકપોસ્ટ ઉપર પોલીસની બાજનજર.
- સુરત પોલીસે વાહનચાલકો હેલ્મેટ ફરજીયાત પહેરે તે માટે જાગૃતિ અભિયાન શરૂ કર્યું.
- સ્ટેચ્યુ ઓફ યુનિટી રજાઓના દિવસોમાં પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું- બે લાખથી વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધી.
- પાવાગઢની 44 કિલોમીટર લાંબી ઐતિહાસિક પરિક્રમાનો આજથી આરંભ થયો.

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM NAGARPALIKA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની ૭ મહાનગરપાલિકાઓ, ૩ શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળ અને ‘ક’ તથા ‘ડ’ વર્ગની નાની નગરપાલિકાઓ સહિત ૧૭ નગરપાલિકાઓમાં શહેરીજન જીવન સુવિધા વધારવાના કામો માટે કુલ એક હજાર કરોડથી વધુ ફાળવવાની મંજૂરી આપી છે.

મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે કુલ ૧૪૧ કરોડથી વધુ રૂપિયા મંજૂર થયા છે તેમાં નવી રચાયેલી મુન્દ્રા-બોરાઈ નગરપાલિકાને ચોમાસામાં ભારે વરસાદથી માર્ગોને થયેલા નુક્શાનની મરામત અને નવા માર્ગો માટે ૭ કરોડ ૭૫ લાખ સહિત વાઘોડિયા નગરપાલિકા માટે ૪.૪૬ કરોડ, ડભોઇ માટે ૧.૭૫ કરોડ તેમજ ૩ મહાનગરપાલિકાઓ જુનાગઢને ૨૫ કરોડ, જામનગરને ૪૭.૫૩ કરોડ તથા ભાવનગરને ૫૪.૮૮ કરોડ રૂપિયાની રકમ મંજૂર કરવામાં આવી છે.

# AMIT SHAH DHARMPUR

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે વલસાડ જિલ્લાના ધરમપુરના શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપી હતી..આ કાર્યક્રમ દરમિયાન તેમણે કરોડોના ખર્ચે તૈયાર થનારા નવા મકાનનું ભૂમિપૂજન પણ કર્યું હતું. અહીં તેમણે જૈના દેરાસર અને આશ્રમની મુલાકાત લીધી હતી.

અહીં તેમણે વાર્ષિકોત્સવના પૂર્ણાહુતિના શ્રીમદ રાજચંદ્ર આશ્રમ દ્વારા આયોજીત કાર્યક્રમમાં વિશેષ પૂજન અને અભિષેકના કાર્યક્રમમાં હાજરી આપી હતી.

રાજચંદ્ર આશ્રમ દ્વારા નિર્માણ થનારા નવા મકાનનું ભૂમિપૂજન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે કરવામાં આવ્યું હતું. આશ્રમ દ્વારા વલસાડ જિલ્લાના ધરમપુરના આદિવાસી વિસ્તારના ઉત્થાન માટે કરવામાં આવતી કામગીરી, જાગૃતિ અને આશ્રમ દ્વારા વિસ્તારના લોકો માટે ઉભી કરવામાં આવેલી રોજગારીની તકો અંગે વિગતવાર માહિતી શ્રી અમિત શાહ સમક્ષ સંસ્થાના અગ્રણીઓ અને સેવકો દ્વારા રજૂ કરી હતી.

# 31ST POLICE ACTION PLAN

રાજ્યમાં નાતાલ વેકેશન અને નવા વર્ષની ઉજવણીને લઇને વિવિધ જીલ્લાઓમાં કાર્યક્રમો યોજાઇ રહ્યા છે, તો વળી ઘણા બધા લોકો હરવા ફરવા માટે પ્રવાસ કરી રહ્યા છે. આ બધી રજાઓમાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે રાજ્ય પોલીસ દ્વારા તકેદારીના ભાગરૂપે તપાસ કાર્ય કરવામાં આવી રહ્યું છે.

અમદાવાદ શહેરના સીજી રોડ, એસજી હાઇવે, સિંધુભવન રોડ સહિતના વિસ્તારોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આવતીકાલે સાંજે 6 વાગ્યાથી પોલીસ સ્ટેન્ડ ટુ રહેશે. શહેરમાં 2 હજારથી વધુ જેટલા બોડી વોર્ન કેમેરા સાથે નાકા પોઇન્ટ સહિતની જગ્યા ઉપર ચેકિંગ હાથ ધરવામાં આવશે.

31stની  ઉજવણીને ધ્યાને રાખીને ડાંગ જિલ્લા પોલીસે સાપુતારા ટોલનાકા ખાતે મહારાષ્ટ્રથી આવતા વાહનોનું ચેકીંગ હાથ ધર્યું છે.

નવસારી જીલ્લામાંથી નેશનલ હાઈવે- 48 પર આવેલ બોરિયાચ ટોલ નાકા પર વાહનોનું કડક ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. મહારાષ્ટ્ર, દમણ અને સેલવાસમાંથી ગુજરાતમાં દારૂની હેરાફેરી ન થાય તે માટે પોલીસે અલગ-અલગ ચેકપોસ્ટ બનાવીને ચેકીંગની કામગીરી કડક બનાવી છે.

## (બાઇટ- એસ.પી., નવસારી)

આવતીકાલે ૩૧ ડીસેમ્બરની ઉજવણી લોકો હર્ષોલ્લાસ સાથે કરે અને નવા વર્ષના તહેવાર દરમ્યાન કોઈ ગેરકાયદેસર રીતે નશીલા પદાર્થોનું સેવન ન થાય તે માટે તાપી પોલીસ સતર્ક થઈને કામગીરી કરી રહી છે. તાપી પોલીસે અલગ અલગ ચેકપોસ્ટ બનાવી છે સાથે ફાર્મ હાઉસો પર બાજ નજર રાખી ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે .

# SURAT HARSH SANGHVI

સુરત સર્કિટ હાઉસ ખાતે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ટ્રાફિક સંદર્ભે મહત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી.

સુરત શહેરમાં આગામી 45 દિવસ સુધી હેલમેટ અંગે જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવશે અને ત્યારબાદ ટુ વ્હીલર ચાલકો માટે ફરજીયાત હેલમેટના કાયદાનો સઘન અમલ કરાવવામાં આવશે. આ દરમિયાન શહેરની શાળાઓ, કોલેજો, ઔદ્યોગિક એકમો અને અન્ય સંસ્થાઓમાં હેલમેટ અંગે અભિયાન શરૂ કરવામાં આવશે. જો કે, દોઢ

મહિના બાદ હેલમેટ ન પહેરનારા વાહન ચાલકો વિરૂદ્ધ સખ્ત કાર્યવાહીની કરાશે તેમ સુરત  પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોત કહ્યું હતું.. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં શહેરનાં ટ્રાફિક સર્કલથી માંડીને રોડ માર્કિંગ સહિતની કામગીરીની સમીક્ષા કરવામાં આવ્યા બાદ વાહન વ્યવહારની સુગમતાને ધ્યાને રાખીને જરૂરી કાર્યવાહી કરવામાં કરવામાં આવશે.

## (બાઇટ- અનુપમસિંહ ગેહલોત, પોલીસ કમિશ્નર સુરત)

# BZ SCAM

BZ ફાયનાન્સિઅલ સ્કિમના નામે કૌભાંડ આચરનારા ભૂપેન્દ્ર ઝાલા રિમાન્ડ દરમિયાન સીઆઇડી ક્રાઇમને વિગતો આપી રહ્યો છે..જેમાં પોલીસ દ્વારા કરાયેલી પૂછપરછમાં તેણે રાજ્યમાં 17 શાખાઓ શરૂ કરીને અગિયાર હજાર જેટલા રોકાણકારો પાસેથી કરોડો રૂપિયા ઉઘરાવ્યા હોવાનું જણાવ્યું છે.. પોલીસ તપાસમાં આવેલી વિગતો અનુસાર તેની સામે 27મી નવેમ્બરે ફરિયાદ નોંધાયા બાદ પંદર દિવસ રાજસ્થાન રોકાયો હોવાનું બહાર આવ્યું છે.

આ ઉપરાંત તેણે તેના એજન્ટોની વિગતો પણ પોલીસને જણાવી છે. સીઆઇડી ક્રાઇમ આ વિગતોને આધારે વધુ તપાસ કરી રહ્યું છે.. તેમજ શેર અને ક્રિપ્ટો કરન્સી અંગેની ઉંડાણપૂર્વકની તપાસ ચાલી રહી છે.

# CHOTAUDEPUR VARSAI

રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી વારસાઈ ઝુંબેશથી છોટા ઉદેપુરના આદિવાસી ખેડૂતોને ખુબ સારો લાભ મળ્યો છે..

અત્યાર સુધીમાં જીલ્લામાં કુલ ૧૩ હજાર ૪૬૩ વારસાઈ નોંધણી કરવાથી અને નવા ખેડૂત ખાતેદારોનું પી એમ કિશાન સન્માન નિધિમાં રજીસ્ટ્રેશન કરી ડાયરેક્ટ બેન્ક પેમેન્ટ દ્વારા પી. એમ. કિસાન સન્માન નિધિનો લાભ પણ આપવામાં આવ્યો હોવાનું છોટાઉદેપુરના કલેક્ટર અનિલ ધામોલીયાએ જણાવ્યું હતું..

**(બાઇટ- અનિલ ધામોલિયા- કલેક્ટર- છોટા ઉદેપુર)**

## SOU NATAL VACATION

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે અત્યારે રજાના માહોલમાં બે લાખથી વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. એકતાનગર ખાતે જંગલ સફારી, કેકટસ ગાર્ડન, ડેમ સાઇટ, આરોગ્ય વન એકતા નર્સરી, ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક, તેમજ એડવેન્ચર માટે રિવર રાફ્ટિંગ પર લોકોની ભારે ભીડ જોવા મળી હતી. આ ધસારાને કારણે નર્મદા પોલીસ દ્વારા ઠેર ઠેર સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું..

અહીં પ્રવાસીઓને લઈ જવા અને લાવવા માટેની ઇલેક્ટ્રીક બસો પણ મુકવામાં આવી છે.

## PAVAGADH PARIKRAMA

પાવાગઢની તળેટીમાં આવેલા વાઘેશ્વરી માતાજીના મંદિરેથી આજે સવારે 44 કિલોમીટર લાંબી ઐતિહાસિક પરિક્રમાનો આરંભ થયો છે. બે દિવસ ચાલનારી આ પદયાત્રામાં પ્રથમ દિવસે 25 કિલોમીટર અને બીજા દિવસે 19 કિલોમીટરની યાત્રા પૂર્ણ કરવામાં આવે છે. આ યાત્રા દરમિયાન ગાઢ જંગલ વિસ્તારમાં પ્રાકૃતિક રમ્ય વાતાવરણમાં પૌરાણિક અને અતિ પ્રાચીન ધાર્મિક સ્થાનો સહિત નવ જેટલા ધાર્મિક સ્થાનોના દર્શન થાય છે.

ઉલ્લેખનીય છે કે, શ્રીકાલી યુવક મંડળ અને સ્થાનિક લોકો દ્વારા 2016થી આ ઐતિહાસિક પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે, જેમાં રાજ્ય તેમજ અન્ય રાજ્યમાંથી પણ હજારો પદયાત્રીઓ આ યાત્રામાં જોડાય છે.

# A’VAD- SARANGPUR BRIDGE

અમદાવાદના સારંગપુર બ્રિજ ખાતે નવા બ્રિજની કામગીરી શરૂ કરવામાં આવતાં તે દોઢ વર્ષ માટે બંધ કરાયો છે. પોલીસ કમિશ્નરે બહાર પાડેલા જાહેરનામા અંતર્ગત સારંગપુર બ્રિજ બે જાન્યુઆરી, 2025થી 30 જૂન, 2026 સુધી જાહેર જનતાની અવર જવર માટે તથા વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે. આ બ્રિજ બંધ થતાં અનુપમ બ્રિજ અને કાલુપુર બ્રિજ પર વાહન વ્યવહાર ડાયવર્ટ કરવામાં આવ્યો છે.

# GUJ. WOLF VASTI GANTRI

રાજ્યના ૧૩ જિલ્લામાં વરુની વસ્તી ગણતરી શરૂ કરવામાં આવી છે. વર્ષ 2023માં વરુની વસ્તી અંદાજે ૨૨૨ હતી અને સૌથી વધારે ૮૦ વરુ ભાવનગર જિલ્લામાં નોંધાયા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૨૫ ડિસેમ્બર, ૨૦૨૪ને સુશાસન દિવસે વરુના આવાસોના એટલાસનું વિમોચન કર્યું હતું જે અંતર્ગત, વરુ પ્રજાતિનાં રક્ષણ માટે 'ગીર' ફાઉન્ડેશન દ્વારા રીમોટ સેન્સીંગ અને જીઆઈએસ જેવી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને નક્શાપોથી તૈયાર કરાઇ છે, જે વરુના મુખ્ય નિવાસસ્થાનો અને તેને જોડતા મહત્વપૂર્ણ કોરિડોરને ઓળખવામાં મદદરૂપ કરશે. આ એટલાસ મુજબ, વરુ માટે અનુકૂળ નિવાસસ્થાનો મુખ્યત્વે ખુલ્લા ઝાડીવાળા વિસ્તારો અને પાણીના સ્ત્રોતોની ઉપલબ્ધતા સાથેના ઘાસના મેદાનોથી બનેલા છે, જે ભારતીય વરુ માટે આદર્શ નિવાસ સ્થાન છે.

'ગીર' ફાઉન્ડેશનના અભ્યાસ મુજબ, હાલ રાજ્યના 13 જિલ્લામાં કુલ 2 હજાર 218 ચો. કિમી.ના વિસ્તારમાં વરુ વસવાટ કરી રહ્યા છે.

# WEATHER

છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં  લઘુત્તમ તાપમાન ક્યાંક સામાન્ય કરતાં ઓછું તો ક્યાંક સામાન્ય કરતાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાયું હતું. રાજ્યમાં સૌથી ઓછું 6.5 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નલિયામાં નોંધાયું હતું. આ ઉપરાંત બનાસકાંઠાના ડીસામાં પણ 9.6 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. તથા રાજ્યના ચાર મહાનગરોમાં પણ લઘુત્તમ તાપમાન 24 કલાકમાં ઘટ્યું હતું. જેમાં

અમદાવાદ શહેરનું લઘુત્તમ તાપમાન 13.7 ડિગ્રી, વડોદરામાં 16.2, રાજકોટમાં 11 ડિગ્રી અને સુરતમાં 18.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

# FIT MEDIA FIT INDIA

રાજ્યભરમાં માહિતી-પ્રસારણ વિભાગ દ્વારા "ફિટ મીડિયા, ફિટ ઇન્ડિયા" અભિયાન અંતર્ગત પત્રકારો માટે નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયા હતા.. આ અભિયાન અંતર્ગત એક હજાર ૫૩૨ પત્રકારોની સ્વાસ્થ્ય ચકાસણી કરવામાં આવી હતી..

આજે રેડક્રોસના સહયોગથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે "ફિટ મીડિયા, ફિટ ઇન્ડિયા" અભિયાન અંતર્ગત પત્રકારો માટે નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પનો અમદાવાદ ખાતેથી આરંભ  કરાવ્યો હતો.. આગાઉ પણ રેડક્રોસ સોસાયટી દ્વારા અમદાવાદના પત્રકારો માટે સ્વાસ્થ્ય ચકાસણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૫૧૮ જેટલા પત્રકારોનું હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું.

# PANCHMAHAL DIGITAL CROP SURVEY

સમગ્ર રાજ્યમાં એગ્રીસ્ટેક ડિજિટલ ક્રોપ સર્વે હાથ ધરવામાં આવ્યો. જે અંતર્ગત, પંચમહાલ જીલ્લામાં ખેડૂતોએ વાવેતર કરેલ મગફળી, કપાસ, સોયાબીન, દિવેલા, મગ, તુવેર, અડદ, તલ, મરચા, મકાઈ, ડાંગર, શાકભાજી, ઘાસચારાના પાકો, બાગાયતી પાકોનું ડિજિટલ ક્રોપ સર્વે કરાયો..

આગામી એક મહિનામાં જે વ્યક્તિ ટેકનિકલ મોબાઇલ એપનો જાણકાર હોય અને ફિલ્ડમાં જઈ શકે તેવા વ્યક્તિને સર્વે કરવા માટે ૧૦ રૂપિયા મહેનતાણું આપવામાં આવશે.